# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 04-10-2024 સવારે : 7.45 થી 7.55

1) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદમાં કહ્યું કે, 'ગરબાનું મૂળ સ્વરૂપ જળવાઈ રહે તે માટે પ્રધાનમંત્રીએ "વાયબ્રન્ટ નવરાત્રિ મહોત્સવ" શરૂ કરાવ્યો.
2) કેન્દ્રીય મંત્રીમંડળે મરાઠી, પાલી, પ્રાકૃત, આસામી અને બંગાળી ભાષાને શાસ્ત્રીય ભાષાનો દરજ્જો આપવા મંજૂરી આપી.
3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હી ખાતે કૌટિલ્ય આર્થિક સંમેલનને સંબોધિત કરશે.
4) ઉત્તર-પૂર્વ અને દક્ષિણ ભારતના કેટલાંક ભાગમાં આજે ભારેથી અતિભારે વરસાદની આગાહી.
5) I.C.C. મહિલા ટી-20 વિશ્વકપમાં આજે ભારત અને ન્યૂ ઝિલેન્ડ વચ્ચે મેચ રમાશે.

## *VIBRANT NAVRATRI AMIT SHAH*

**કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, 'શેરી ગરબા પ્રથાનું મહત્વ ઓછું થવા લાગ્યું ત્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગરબાનું મૂળ સ્વરૂપ જળવાઈ રહે તે માટે "વાયબ્રન્ટ ગુજરાત નવરાત્રિ મહોત્સવ"નો પ્રારંભ કરાવ્યો. આજે યુનેસ્કોએ પણ ગુજરાતના ગરબાને વૈશ્વિક સાંસ્કૃતિક ધરોહર તરીકે ઓળખ સ્વીકારી છે.**

અમદાવાદના GMDC મેદાન ખાતે વાયબ્રન્ટ ગુજરાત નવરાત્રિ મહોત્સવ 2024નો શુભારંભ કરાવતાં કેન્દ્રીય ગૃહમંત્રીએ આ મુજબ જણાવ્યું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, 'ગત વર્ષે યુનેસ્કો દ્વારા ગરબાને "અમૂર્ત સાંસ્કૃતિક ધરોહર" તરીકે જાહેર કરાયા બાદ આ પ્રથમ નવરાત્રિ છે. ગુજરાત પ્રધાનમંત્રીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં 'વિકાસ ભી, વિરાસત ભી' સૂત્રને સાર્થક કરી રહ્યું છે. દરમિયાન મુખ્યમંત્રીએ નવરાત્રિ દરમિયાન માતાજીના ચાચર ચોકમાં ગંદકી ન ફેલાય અને તેની પવિત્રતા જળવાઈ રહે તેવી અપીલ કરી હતી.

ઉલ્લેખનીય છે કે, આ વાયબ્રન્ટ નવરાત્રિ મહોત્સવનો આનંદ માણવા વિદેશી રાજદૂતો પણ ઉપસ્થિત રહ્યા હતા.

.................

## *AMIT SHAH GUJARAT*

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે ગાંધીનગરમાં ગાંધીનગર મહાનગરપાલિકાની અનેક પરિયોજનાઓના શુભારંભ સમારોહમાં ઉપસ્થિત રહેશે. શ્રી શાહ ગાંધીનગરના માણસા ખાતે 421 પથારી ધરાવતી હૉસ્પિટલનું ખાતમુહૂર્ત કરશે. ઉપરાંત તેઓ એડીસી બેન્કની 100મી વર્ષગાંઠ નિમિત્તે મહાત્મા મંદિર ખાતે યોજાનારા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. તેઓ એક ટ્રસ્ટ દ્વારા સંચાલિત હૉસ્પિટલનું પણ ઉદ્ઘાટન કરશે અને જનસભા પણ સંબોધશે.

.................

## *CABINET REGIONAL LANGUAGE*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મંત્રીમંડળે મરાઠી, પાલી, પ્રાકૃત, આસામી અને બંગાળી ભાષાને શાસ્ત્રીય ભાષાનો દરજ્જો આપવા મંજૂરી આપી છે. શાસ્ત્રીય ભાષાઓ ભારતના પ્રાચીન સાંસ્કૃતિક વારસાના રક્ષક તરીકે સેવા આપે છે, અને દરેક સમુદાયના ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસાને વાચા આપે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કેન્દ્રીય મંત્રીમંડળના આ નિર્ણયને આવકાર્યો હતો. તેમણે સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા મંત્રીમંડળના નિર્ણયને વધાવ્યો હતો જ્યારે મંત્રીમંડળે મરાઠીને શાસ્ત્રીય ભાષાનો દરજ્જો આપવા મંજૂરી આપી તે બદલ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેએ આનંદ વ્યક્ત કર્યો છે.

(બાઇટ – અશ્વિની વૈષ્ણવ)

.................

## *CABINET ENERGY HUB*

કેન્દ્રીય મંત્રીમંડળે ભારતને આંતરરાષ્ટ્રીય ઊર્જાક્ષમતા કેન્દ્રમાં સામેલ થવા માટેના ઉદ્દેશ્ય પત્ર પર હસ્તાક્ષર કરવાની મંજૂરી આપી દીધી છે. આ એક વૈશ્વિક મંચ છે, જે વિશ્વભરમાં સહયોગ અને ઊર્જાક્ષમતાને પ્રોત્સાહન આપવા સમર્પિત છે. આમાં ભારતની ભાગીદારીથી ઓછા કાર્બન વ્યવસ્થામાં પરિવર્તન લાવવા અને ઊર્જા સંરક્ષણમાં મદદ મળશે. આ પગલું ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જનને ઘટાડવાના પ્રયાસને અનુરૂપ છે તેમજ સતત વિકાસ પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાને મજબૂત કરે છે.

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે માધ્યમો સાથે સંવાદ કરતા કહ્યું કે, 'આ નિર્ણયથી ભારતને વ્યૂહાત્મક ઊર્જા અભિગમો અને નવા સમાધાન પૂરા પાડતા 16 દેશના સમૂહ સુધી પહોંચ હાંસલ કરવામાં મદદ મળશે. તેમણે ઉમેર્યું કે, દેશ ઊર્જા-કાર્યક્ષમતા તકનીકો અને અત્યાધુનિક પદ્ધતિઓને પ્રોત્સાહન આપીને આબોહવા પરિવર્તન સામે લડવાના વૈશ્વિક પ્રયાસોમાં પણ યોગદાન આપશે.

જુલાઈ 2024 સુધી અર્જેન્ટિના, ઑસ્ટ્રેલિયા, બ્રાઝિલ, કેનેડા, ચીન, ફ્રાન્સ, જર્મની, જાપાન, રશિયા, સાઉદી આરબ, સંયુક્ત રાજ્ય અમેરિકા અને બ્રિટન સહિત 16 દેશ આ કેન્દ્રમાં સામેલ થયા છે.

.................

## *UNION CABINET*

કેન્દ્રીય મંત્રીમંડળે કૃષિ સ્વનિર્ભરતા માટે ખાદ્ય સુરક્ષા હાંસલ કરવા માટે ટકાઉ કૃષિને પ્રોત્સાહન આપવા માટે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અને કૃષોન્નતિ યોજનાને મંજૂરી આપી છે. નવી દિલ્હીમાં માધ્યમોને સંબોધતા કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે મંત્રીમંડળની બેઠકમાં લેવાયેલા નિર્ણયો ખેડૂતોની આવક વધારવા અને મધ્યમ વર્ગના લોકોને ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવામાં મહત્ત્વનો ભાગ ભજવશે.

સરકારે 10 હજાર 103 કરોડ રૂપિયાના ખર્ચ સાથે 2024-25 થી 2030-31 માટે ખાદ્ય તેલ માટેના રાષ્ટ્રીય અભિયાન - NMEO-Oilseeds ને પણ મંજૂરી આપી છે. આ આગામી સાત વર્ષમાં ભારતને તેલીબિયાં ઉત્પાદનમાં આત્મનિર્ભર બનાવવાના ઉદ્દેશ્ય સાથે કરવામાં આવ્યું છે.

કેન્દ્રીય મંત્રીમંડળે ત્રણ કોરિડોર ધરાવતા ચેન્નાઈ મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ-2ને પણ મંજૂરી આપી છે. 128 સ્ટેશનો સાથે મંજૂર કરાયેલી લાઈનોની કુલ લંબાઈ લગભગ 119 કિલોમીટર હશે. બીજા તબક્કાનું કામ સંપૂર્ણ રીતે કાર્યરત થયા પછી, ચેન્નાઈ શહેરમાં કુલ 173 કિમીનું મેટ્રો રેલ નેટવર્ક બનશે.

.................

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

.................

## *PM ECONOMIC CONCLAVE*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હી ખાતે કૌટિલ્ય આર્થિક સંમેલનને સંબોધિત કરશે. સંમેલનની આ ત્રીજી આવૃત્તિ આ રવિવાર સુધી ચાલશે. આ વર્ષનું સંમેલન હરિયાળા પરિવર્તનના ધિરાણ, ભૌગોલિક આર્થિક વિભાજન અને વિકાસ માટે અનુમાન તેમજ સ્થિતિસ્થાપકતા યથાવત્ રાખવા નીતિ કાર્યવાહીના સિદ્ધાંતો જેવા વિષય પર કેન્દ્રિત રહેશે.

ભારતીય અને આંતરરાષ્ટ્રીય વિદ્વાન અને નીતિ નિર્માતા ભારતીય અર્થવ્યવસ્થા અને વૈશ્વિક દક્ષિણની અર્થવ્યવસ્થાઓ સામે આવતા કેટલાક મહત્વપૂર્ણ મુદ્દાઓ પર પણ ચર્ચા કરાશે. આ સંમેલનમાં વિશ્વભરના વક્તાઓ ઉપસ્થિત રહેશે. કૌટિલ્ય ઇકોનૉમિક સંમેલનનું આયોજન નાણા મંત્રાલયની સાથેની ભાગીદારીમાં આર્થિક વિકાસની સંસ્થાન દ્વારા કરાયું છે.

.................

## *IMD-WEATHER*

હવામાન વિભાગે આજે ઉત્તર-પૂર્વ અને દક્ષિણ ભારતના કેટલાંક ભાગમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે જણાવ્યું કે, આસામ, મેઘાલય, અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં આજે ભારે વરસાદની શક્યતા છે, ત્યારબાદ આગામી બે દિવસમાં ભારે વરસાદ વરસી શકે છે. કેરળ, તમિલનાડુ, દક્ષિણ આંતરિક કર્ણાટક, રાયલસીમા અને ગંગા તટીય પશ્ચિમ બંગાળમાં ભારે વરસાદ થવાની સંભાવના છે.

.................

## *CRICKET WOMENS T20 WC*

I.C.C. મહિલા ટી-20 વિશ્વકપમાં આજે ભારત અને ન્યૂ ઝિલેન્ડ વચ્ચે મેચ રમાશે. હરમનપ્રિત કૌરનાં સુકાની હેઠળની ભારતીય ટીમ આજે દુબઈમાં ન્યૂ ઝિલેન્ડ સામે પોતાના વિશ્વકપના અભિયાનનો પ્રારંભ કરશે. દરમિયાન બપોરે રમાનારી

મેચમાં વેસ્ટ ઇન્ડીઝ અને દક્ષિણ આફ્રિકા વચ્ચે મેચ રમાશે. આકાશવાણી F.M. રેઈન્બો ચેનલ પર સાંજે સાત વાગ્યે મેચથી ઑફ-ટ્યૂબ લાઈવ કોમેન્ટ્રી હિન્દી અને અંગ્રેજી બંને ભાષામાં પ્રસારિત કરશે.

ગઈકાલે શારજાહમાં રમાયેલી સ્પર્ધાની બીજી મેચમાં પાકિસ્તાને શ્રીલંકાને 31 રનથી હરાવ્યું હતું. પાકિસ્તાન માટે સાદિયા ઈકબાલે ત્રણ વિકેટ લીધી, જ્યારે ફાતિમા સના, ઓમૈમા સોહેલ અને નશરા સંધૂએ 2-2 વિકેટ લીધી હતી. આ પહેલા પાકિસ્તાને ટૉસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય કર્યો અને 20 ઑવરમાં બધી જ વિકેટ ગુમાવી 116 રન બનાવ્યા હતા. તેના જવાબમાં શ્રીલંકાની ટીમ 20 ઑવરમાં નવ વિકેટ ગુમાવી માત્ર 85 જ બનાવી શકી. આ મેચમાં પાકિસ્તાનનાં સુકાની ફાતિમા સનાને પ્લેયર ઑફ ધ મેચ જાહેર કરાયાં હતાં.

.................

## *TRILATERAL AGREEMENT*

ભારત, નેપાળ અને બાંગ્લાદેશે ભારતના પાવર ગ્રીડના માધ્યમથી નેપાળથી બાંગ્લાદેશને 40 મેગાવૉટ વીજળી નિકાસ કરવા માટે ત્રિપક્ષીય સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે. કાઠમાંડુમાં ગઈકાલે થયેલા આ કરારથી નેપાળને પહેલી વાર બાંગ્લાદેશને વીજળી વેચશે. આ પહેલા નેપાળ માત્ર ભારતને વીજળી વેચતું હતું.

કરાર મુજબ, બાંગ્લાદેશ હવે નેપાળ પાસેથી 40 મેગાવૉટ વીજળી ખરીદશે. નેપાળની વીજળી ભારતીય વિસ્તારથી બાંગ્લાદેશ પહોંચશે. આ માટે સમજૂતીમાં ભારત પણ સામેલ છે. આ સમજૂતીથી નેપાળ વિદ્યુત સત્તામંડળને લગભગ 330 કરોડ રૂપિયાની આવકનું અનુમાન છે.

.................